# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-07-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*************************************************

1) રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કારણે એક પણ બાળકનું મોત ન થાય તેની કાળજી લેવા તંત્રને આરોગ્ય મંત્રીની તાકીદ.

2) જુનાગઢના ગિરનાર પર વન્યપ્રાણીઓથી યાત્રાળુઓની સુરક્ષા માટે કાયમી ચેકપોસ્ટ બનાવાશે - વન અને પર્યાવરણ મંત્રીની બેઠકમાં નિર્ણય.

3) વડોદરાની માંજલપુર બેઠકની પેટાચૂંટણી માટે સાત ઉમેદવારે ઉમેદવારી નોંધાવી.

4) અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 149-મી રથયાત્રાની તૈયારીઓ પૂર્ણ – આવતીકાલે નેત્રોત્સવ વિધિ.

5) દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં આવતીકાલે સામાન્ય વરસાદની આગાહી.

**6)** મહારાષ્ટ્રમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય ટેનિસ સ્પર્ધામાં રાજ્યનાં ખેલાડી વૈભવી ત્રિવેદીએ ત્રણ ખિતાબ જીત્યાં.

-----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CHANDIPURA BETHAK GNR

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કારણે એક પણ બાળકનું મોત ન થાય તેની કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરવામાં આવી છે. ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠકમાં આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જણાવ્યું, રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કુલ 27 શંકાસ્પદ કેસના નમૂનામાંથી સાત નમૂના પૉઝિટિવ અને 12 નેગેટિવ આવ્યા છે. વાયરસના નિયંત્રણ માટે આરોગ્ય તંત્રને દવાઓ, તેના છંટકાવ અને દેખરેખની કામગીરી સઘન બનાવવા આદેશ અપાયા હોવાનું પણ શ્રી પાનશેરિયાએ ઉમેર્યું.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

# ARJUN MODHVADIYA ON LION

જુનાગઢના ગિરનાર પર્વત પર આવેલા સંવેદનશીલ દાતાર વિસ્તારમાં વન્યપ્રાણીઓથી યાત્રાળુઓની સુરક્ષા માટે કાયમી ચેકપોસ્ટ બનાવાશે. ગાંધીનગરમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં આ નિર્ણય લેવાયો. આ અંગે શ્રી મોઢવાડિયાએ કહ્યું, દાતારના સિડી વિસ્તારમાં નવા 25 ટ્રેકર રાખવા, યાત્રાળુઓની સંખ્યા અંગે SOP તૈયાર કરવા સહિતના નિર્ણય આ બેઠકમાં લેવાયા છે. તેમણે સિંહોની પજવણીના બનાવ ન બને તે માટે પગલાં લેવાશે તેમ પણ ઉમેર્યું.

(BYTE: ARJUN MODHVADIYA, FOREST AND ENVORIONMENT MINISTER)

# GOVT FACT CHECK

સોશિયલ મીડિયામાં મુખ્યમંત્રી બાળ આશીર્વાદ યોજના અંગે વાયરલ થયેલી પૉસ્ટ ખોટી હોવાની સરકારે સ્પષ્ટતા કરી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે જણાવ્યું. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી આ પૉસ્ટ ભ્રામક છે. રાજ્ય સરકાર દ્વારા હાલમાં આ નામની કોઈ યોજના અમલમાં નથી. લોકોને આવી અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ કરવા અપીલ કરવામાં આવી છે.

# MANJALPUR BY ELECTION

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના આજે છેલ્લા દિવસ સુધી સાત ઉમેદવાર તરફથી 15 ઉમેદવારીપત્ર મળ્યા છે. આવતીકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી અને 16 તારીખ સુધી ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે. આ બેઠક પર ભાજપ તરફથી સત્યેન્દ્ર પટેલ, પરેશ બ્રહ્મભટ્ટ અને રત્નસાગર રાજરાજેશ્વર ધુળાભાઈ, કોંગ્રેસ તરફથી ભીખાભાઈ રબારી અને ધર્મેશ પટેલ તથા રાઈટ ટૂ રિકોલ પાર્ટી તરફથી દિનેશ વ્યાસ અને પરેશ રાઠોડે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

ઉલ્લેખનીય છે કે, માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલના અવસાન બાદ આ બેઠક ખાલી પડતા તેની પેટાચૂંટણી માટે આગામી 30 જુલાઈએ મતદાન અને ત્રણ ઑગસ્ટે પરિણામ જાહેર કરાશે.

# RAMDAS ATHAWALE BK

કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ બનાસકાંઠાના પાલનપુરમાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી. દરમિયાન તેમણે JEE, NEET, ગુજકેટ જેવી પરીક્ષાલક્ષી તાલીમ સહાય, કુંવરબાઈનું મામેરું યોજના સહિત બાળકોને અપાતી શિષ્યવૃત્તિ અંગે માહિતી મેળવી. આ પ્રસંગે શ્રી આઠવલેએ સામાન્ય નાગરિક સુધી સરકારની યોજનાઓ પહોંચાડવા પર ભાર આપ્યો.

# MORBI FOOD RAID

મોરબીમાં ખાદ્ય વિભાગ દ્વારા 40 સ્થળ પર તપાસ કરી અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરાયો. તેમજ બેદરકારી દાખવનારા વેપારીઓને નૉટિસ અપાઈ. મહાનગરપાલિકાની ખાદ્ય શાખા દ્વારા નવલખી રોડ, મહેન્દ્રનગર રોડ, અવની ચોકડી સહિતના વિસ્તારમાં નાસ્તા અને ફરસાણની દુકાન પર તપાસ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી.

# BK SEEDBALL ABHIYAN

બનાસકાંઠામાં આગામી 15 દિવસ અરવલ્લીની ગિરિમાળાઓમાં એક કરોડથી વધુ સીડબોલનું વાવેતર કરાશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ અંબાજી નજીક રબારીવાસ, પાંચ્છા ખાતેથી બનાસ ડેરીના સીડબૉલ ફૉર ગ્રીનવૉલ સીઝન- છ અભિયાનનો આજથી પ્રારંભ કરાવ્યો. મહિલા પશુપાલકો દ્વારા ગોબર અને માટીમાંથી તૈયાર કરાયેલા સીડબૉલમાં 22થી વધુ સ્થાનિક વૃક્ષોની પ્રજાતિના બીજનો ઉપયોગ કરાયો હોવાનું શ્રી ચૌધરીએ જણાવ્યું.

(BYTE: SHANKAR CHAUDHARI, CHAIRMAN, BANAS DAIRY)

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# EVE RATHYATRA TAIYARI

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 149-મી રથયાત્રાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ અંગે જમાલપુર જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ કહ્યું, આગામી 16 તારીખે ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા ભવ્ય રીતે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વહેલી સવારે પહિંદ વિધિ કરી રથયાત્રાનો પ્રારંભ કરાવશે. રથયાત્રાના દિવસે મંગળા આરતી બાદ આદિવાસી નૃત્ય અને રાસ-ગરબાના કાર્યક્રમ યોજાશે. જ્યારે રથયાત્રા દરમિયાન ભક્તોને 45 હજાર કિલો મગ, 500 કિલો જાંબુ સહિતના પ્રસાદનું વિતરણ કરાશે.

(BYTE: MAHENDRA JHA, TRUSTEE, JAGANNATH TEMPLE JAMALPUR)

# RATHYATRA NETROTSAV

અમદાવાદમાં રથયાત્રા પૂર્વે આવતીકાલે ભગવાનની નેત્રોત્સવ પૂજા, ધ્વજારોહણ અને સંત સન્માન સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલ, જિતુ વાઘાણી સહિતના મંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે.

(VC/- SHIRALI CHAVDA)

(... ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે આવતીકાલે સવારે છ વાગ્યે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજીની મંદિરના ગર્ભગૃહમાં રત્નવેદી પર પ્રતિષ્ઠા કરાશે. ત્યારબાદ સવારે નેત્રોત્સવ પૂજન વિધિ, ધ્વજારોહણ અને મહાઆરતી થશે. સવારે 11 વાગ્યે સાધુસંતો માટેનો ભંડારો અને વસ્ત્રદાન સમારંભ યોજાશે. જ્યારે 15 તારીખે સવારે ભગવાનશ્રીનો સોનાવેશમાં શણગાર અને ગજરાજોની પૂજાવિધિ કરાશે. ત્યારબાદ મંદિરના પ્રાંગણમાં રથ પ્રતિષ્ઠા થશે. બપોરે રથપૂજન અને આરતી તેમજ સાંજે આઠ વાગ્યે વિશિષ્ટ પૂજા સંધ્યા આરતી કરાશે.

શિરાલી ચાવડા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

# STATE WEATHER FORECAST

રાજ્યમાં મેઘરાજાના વિરામ વચ્ચે આગામી 20 તારીખ સુધી રાજ્યના વિવિધ જિલ્લામાં વરસાદની સંભાવના છે. દરમિયાન દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં આવતીકાલે સામાન્ય વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ આજથી બે દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

# VAIBHAVI TRIVEDI MEDAL

રાજ્યનાં ટેનિસ ખેલાડી વૈભવી ત્રિવેદીએ મહારાષ્ટ્રમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય ટેનિસ મહામંડળ – ITFની વર્લ્ડ ટેનિસ માસ્ટર્સ ટૂર એમટી 400 ટેનિસ સ્પર્ધામાં ત્રણ ખિતાબ જીત્યાં. મળતી માહિતી મુજબ, તાજેતરમાં સોલાપુર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં મહિલાઓની 30 વર્ષથી વધુ વયની સિંગલ્સ ફાઈનલમાં તેમણે નેહા ભંડારી સામે છ-શૂન્ય અને છ-એકથી વિજય મેળવ્યો. જ્યારે સેમિફાઈનલમાં તેમણે ભૂતપૂર્વ પ્રો પ્લેયર આશા કાર્તિકેયનને છ-બે, સાત-છથી પરાજય આપ્યો.

ઉપરાંત મહિલા ડબલ્સમાં સંધ્યા રાની સાથે ભાગીદારી કરીને વૈભવી ત્રિવેદીની જોડીએ ફાઈનલમાં નેહા ભંડારી અને શૈલજાને છ-બે, છ-શૂન્યથી હરાવી ખિતાબ જીત્યો.

# RANI KI VAV

પાટણની સુપ્રસિદ્ધ "રાણી કી વાવ"ના થ્રીડી પ્રોજેક્શન મેપિંગ શૉને 'WOW એવોર્ડ્સ એશિયા 2026'માં સુવર્ણ ચંદ્રક મળ્યો. એક્સપિરિય-ન્શિયલ ટેક એવોર્ડ્સ – અચીવમેન્ટ ઇન ઑડિયો વિઝ્યુઅલ ફૉર એન ઇવેન્ટ શ્રેણીમાં પાટણની આ વિશ્વ ધરોહરને આ ચંદ્રક પ્રોપ્ત થયો છે.

યુનેસ્કો દ્વારા વિશ્વ ધરોહરના ઇમર્સિવ ઑડિયો-વિઝ્યુઅલ શૉની અત્યાર સુધીમાં 44 હજારથી વધુ મુલાકાતીઓ મુલાકાત લીધી છે. અમલીકરણ એજન્સી દ્વારા આ પ્રૉજેક્ટને WOW એવોર્ડ્સ એશિયા 2026માં નૉમિનેશન માટે મોકલ્યા બાદ આ એવોર્ડ એનાયત કરાયો હતો.

# AHMEDABAD PLAYER MEDAL

કોલમ્બિયામાં યોજાયેલી 56-મી આંતર-રાષ્ટ્રીય આંતર-રાષ્ટ્રીય ભૌતિકશાસ્ત્ર ઑલિમ્પિયાડ 2026માં ભારતીય ખેલાડીઓએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ સિદ્ધિમાં અમદાવાદના તેજસ્વી યુવા સ્વરિત જોષીનું પણ યોગદાન છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા સંદેશમાં તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું, આ ભવ્ય સફળતા ખેલાડીઓની પ્રતિભા અને વિજ્ઞાનના ક્ષેત્રમાં વિશ્વનું નેતૃત્વ કરવા તૈયાર યુવાનોની અજય ક્ષમતાનો અરિસો છે.